# મેગ્મા હાઉસિંગ ફાઈનાન્સ I મોરેટોરિયમ પર એફએક્યુ

1. મોરેટોરિયમની ગાઈડલાઈન શું છે અને આરબીઆઈ કોવિડ 19 રેગ્યુલેટરી પેકેજ હેઠળ શું રાહત અપાય છે?

મોરેટોરિયમ એ વ્યાજ / મુદલ / હપ્તાઓની ચુકવણીની થોડા સમય માટે મુલત્વી રાખવાની યોજના છે. આરબીઆઈ એ ધિરાણદારોને 1 માર્ચ, 2020 અને 31 મે, 2020 વચ્ચે આવતી તમામ લોન ના હપ્તાની ચુકવણી ઉપર મોરોટોરિયમ આપવાની મંજુરી આપી છે. જોકે બાકી નેલ લોન ઉપર વ્યાજ આ ગાળા દરમિયાન ચાલુ રેહશે.

2. મોરેટોરિયમના લાભ હેઠળ કયા પ્રકારની લોન આવે છે?

મેગ્મા હાઉસિંગ ફાઈનાન્સ દ્વારા અપાતી બધી લોન ટર્મ લોન્સ હેઠળ આવે છે અને તેથી મોરેટોરિયમ માટે પાત્ર છે.

3. મોરેટોરિયમ શું મૂળ રકમ અને વ્યાજનું ઘટક પણ આવરી લેશે?

હા, તે મૂળ રકમ અને વ્યાજ પર લાગુ થાય છે.

4. શું તમે માર્ચ 2020થી મે 2020 માટે મારા હપ્તા માફ રેહશે?

કૃપા કરીને ધ્યાનમાં લો કે તમારા હપ્તાનું આ ફક્ત ડિફરમેન્ટ છે અને માફી નહીં. મોરેટોરિયમ સમયગાળા દરમિયાન વ્યાજ લાગુ થશે અને 31મી મે, 2020ના રોજ બાકી મૂળ રકમમાં ઉમેરાશે અને તે સુધારિત પુનઃચુકવણી શિડ્યુલ અનુસાર વસૂલ કરાશે.

5. હપ્તાના મોરેટોરિયમના લાભ મેળવવા માટે કઈ પ્રક્રિયાનું પાલન કરવામાં આવે છે?

તમને એસએમએસ થકી મોરેટોરિયમ સંબંધી જાણકારી પ્રાપ્ત થશે. જો તમે મોરેટોરિયમ અપનાવવા માગતા હોય તો કૃપા કરીને અમે તમારો લોન અકાઉન્ટ નંબર અને છેલ્લામાં છેલ્લી સંપર્ક વિગતો સાથે customercare@magmahfc.co.in પર લાખો. તમને મોરેટોરિયમ લાગુ કરવા પૂર્વે અમારા પ્રતિનિધિ પાસેથી કોલ પ્રાપ્ત થશે.

કૃપા કરીને ધ્યાનમાં લો કે મોરેટોરિયમ લોનના સમયગાળામાં વધારાનું વ્યાજ આકર્ષશે અને તે વધારેલા હપ્તા કે મુદતની રીતે વસૂલ કરાશે. આથી જો તમારી પુનઃચુકવણીની ક્ષમતા પ્રભાવિત નહીં થઈ હોય તો વર્તમાન શિડ્યુલ અનુસાર પુનઃચુકવણી ચાલુ રાખવા અમે તમને પ્રોત્સાહન આપીએ છીએ.

6. મોરેટોરિયમનો લાભ લેવા માટે મારે કોઈ દસ્તાવેજ સુપરત કરવાનું જરૂરી છે?

ના, દસ્તાવેજોની આવશ્યકતા નથી. તમને ઉપર સમજાવ્યા અનુસાર અમને ઈમેઈલ મોકલતાં અમારો પ્રતિનિધિ પાસેથી કોલ પ્રાપ્ત થશે. અમારા પ્રતિનિધિ સાથે તમારી ચોક્કસ મૂંઝવણો વિશે ચર્ચા કરી શકો છો.

7. જો હું મોરેટોરિયમ લેવા માગતો હોઉં તો મારી લોનનું શું રેહશે?

મોરેટોરિયમના સમયગાળા દરમિયાન લોનના બાકી હિસ્સા પર વ્યાજનું ઉપાર્જન ચાલુ રેહશે. આવું ઉપાર્જિત વ્યાજ મૂડીકૃત કરાશે અને સુધારિત પુનઃચુકવણી શિડ્યુલ ઊપજાવવામાં આવશે. આને પરિણામે હપ્તા અને / અથવા બાકી મુદત સુધારાઈ શકે છે.

8. મોરેટોરિયમ પૂરું થયા પછી શું મારે બધા 3 હપ્તા એકસાથે ભરવા રેહશે?

ઋણદારે સુધારિત પુનઃચુકવણી શિડ્યુલ અનુસાર હપ્તા ભરવાનું આવશ્યક રેહશે અને જૂન 2020માં સર્વ 3 હપ્તા એકસાથે ચૂકવવાનું ફરજિયાત નથી. જોકે જૂન 2020 મહિનામાં જ 3 હપ્તા ચૂકવવાનો વિકલ્પ છે.

9. મારી નાણાકીય સ્થિતિ પર પ્રભાવ પડ્યો નથી અને તેથી હું મોરેટોરિયમ લેવા માગતો નથી અને ભૂતકાળની જેમ જ હપ્તાની ચુકવણી ચાલુ રાખવા માગું છું. શું હું આવું કરી શકું?

જો તમારી નાણાકીય સ્થિતિ પર પ્રભાવ નહીં પડ્યો હોય અથવા તમે વધારાનું વ્યાજ ચૂકવવા નહીં માગતા હોય તો કૃપા

કરીને વર્તમાન નિયમો અનુસાર પુનઃચુકવણી ચાલુ રાખો. તમારા હપ્તાની ચુકવણીનું સાધન શિડ્યુલ અનુસાર પ્રસ્તુત કરાશે. અમે પૂરતું ભંડોળ ધરાવતા ગ્રાહકોને આ સમયગાળામાં વધારાના વ્યાજનું શુલ્ક અને મુદત વિસ્તાર ટાળવા માટે પ્રોત્સાહિત કરીએ છીએ.

10. હપ્તાની ચુકવણી નહીં કરવાથી મારા સિબિલ સ્કોર પર કોઈ પ્રભાવ પડશે.

મોરેટોરિયમ સમયગાળા (માર્ચથી મે 2020) દરમિયાન હપ્તાની ચુકવણી નહીં કરવાથી તમારા ધિરાણના ઈતિહાસ પર કોઈ માઠી અસર નહીં પડશે.

જોકે 1લી માર્ચ, 2020 પૂર્વે કોઈ પણ ઓવરડ્યુ હોય તો તે સમયની યાદીમાં સિબિલમાં તે દર્શાવવાનું ચાલુ રેહશે. આથી ઓવરડ્યુ વહેલામાં વહેલી તકે ચૂકવી દેવાની વિનંતી છે.

11. રાહતનો સમયગાળો / મોરેટોરિયમ સમાપ્ત થયા પછી શું થશે?

રાહતનો સમયગાળો પૂરો થયા પછી ઉપાર્જિત વ્યાજ 31મી મે, 2020ના રોજ બાકી મૂળ રકમમાં ઉમેરાશે અને 3 મહિનાનો મોરેટોરિયમ સમયગાળો તમારી બાકી લોનની મુદતમાં ઉમેરાશે અને સુધારિત પુનઃચુકવણી શિડ્યુલ ઉપજાવવામાં આવશે. તેનાથી તમારા હપ્તા વધી
શકે છે.

પ્રભાવ કઈ રીતે પડે છે તેનો નીચે દ્દષ્ટાંત સાથે દાખલો આપ્યો છેઃ

| લોનની રકમ | વ્યાજ દર | મોજૂદ મુદત | | સુધારિત મુદત | |
|---|---|---|---|---|---|
| | | બાકી હપ્તા | મોજૂદ મુદત | સુધારિક હપ્તા | સુધારિત મુદત |
| રૂ. 11.85 લાખ | 12.80% | રૂ. 14,222/– | 204 મહિના | રૂ. 14,665/– | 207 મહિના |

મોરેટોરિયમ સમયગાળા સાથે ચૂકવવાની વધારાની વ્યાજની રકમઃ રૂ. 1,94,351 / –

12. જો હું મોરેટોરિયમ લઉં તો મારા મોજૂદ પૂર્વ–નિર્ધારિત એસીએચ / ઈસીએસ / સ્થાયી સૂચનાઓ / પીડીસીનું શું થશે? શું મારે વિસ્તારના સમયગાળા માટે એસીએચ / પીડીસી ફરીથી સુપરત કરવાની જરૂર છે?

હાલમાં અમને નવા એસીએચ / ઈસીએસ / એસઆઈ / પીડીસી સુપરત કરવાનું આવશ્યક નથી. જો તે આવશ્યક હોય તો અમારા પ્રતિનિધિ તમારો સંપર્ક કરે.

13. મોરેટોરિયમના લાભો મને અપાયા છે કે નહીં તેની જાણ કઈ રીતે થશે?

તમને એસએમએસ / ઈ–મેઈલ જેવાં વિવિધ માધ્યમોથી સમર્થન અપાશે અને સુધારિત પુનઃચુકવણી શિડ્યુલ તમને અપાશે.

14. મેં મેગ્મા પાસે એકથી વધુ લોન લીધી છે. શું મારી બધી લોનનો લાભ મને મળશે?

હા, મોરેટોરિયમ નીતિ બધી લોન માટે લાગુ છે.

15. આ 3 મહિના દરમિયાન મારા ખાતા પર શું ઓવરડ્યુના વ્યાજ પર કોઈ શુલ્ક અને ચેક બાઉન્સ શુલ્ક લાગુ કરાશે?

1ની માર્ચ, 2020થી 31મી મે, 2020ના 3 મહિના સુધી બાકી લોન પર લેણાં હપ્તા / વ્યાજ માટે કોઈ વિલંબ ચુકવણી શુલ્ક અથવા ચેક બાઉન્સ શુલ્ક લાગુ નહીં કરાશે.

જોકે 1લી માર્ચ, 2020 પૂર્વે કોઈ ઓવરડ્યુ હોય તો તેની પર વિલંબ ચુકવણી શુલ્ક લાગુ થવાનું ચાલુ રેહશે.

16. જો એપ્રિલ / મે મહિનાના હપ્તા કપાઈ ગયા પછી હું મોરેટોરિયમ વિનંતી સુપરત કરું તો શું થશે?

જો તમારા લેણા લોનના હપ્તા એપ્રિલ 2020 / મે 2020ના ચૂકવી દીધા હોય તો જમા કરેલો હપ્તો તમારી લોનને લાગુ કરાશે

અને તેથી મોરેટોરિયમ લાગુ નહીં થશે.

17. જો મેં માર્ચ અથવા માર્ચ અને એપ્રિલ મહિના માટે અનુક્રમે અપનાવ્યું નહીં હોય તો એપ્રિલ અને મે મહિના અથવા ફક્ત મે મહિના માટે મોરેટોરિયમનો લાભ લઈ શકું?

હા, તમે એક કે બે મહિના માટે મોરેટોરિયમ અપનાવી શકો છો.

18. જો હું આ વિસ્તારનો લાભ લઉં તો તમે ઉચ્ચ વ્યાજ દર લાગુ કને?

ના, આ મોરેટોરિયમમાં ફેરફાર માટે વ્યાજ દરમાં ફેરફાર થતો નથી.

19. આરબીઆઈએ રેપો દરમાં કાપ મૂક્યો છે. મેગ્મા કેટલો આરઓઆઈ ઓછો કને?

રેપો દર બેન્કોને લાગુ નથી, પરંતુ એચએફસીને લાગુ છે અને મેગ્મા તેનું પીએલઆર બદલી / ઘટાડો કને ત્યારે તે ગ્રાહકના લોન ખાતાને લાગુ કરાશે.

20. મોરેટોરિયમ અપનાવવામાં આવે તો લોન કરારના નિયમો અને શરતોમાં ફેરફાર થશે?

ના, લોન કરારના નિયમો અને શરતો પુનઃચુકવણી શિડ્યુલ સિવાય ફેરફાર નહીં થશે.

21. જો મેગ્માના કર્મચારી અથવા તેના કલેકશન એક્ઝિક્યુટિવ પુનઃચુકવણી માટે સંપર્ક કરે તો ગ્રાહકે હપ્તો ચૂકવવાનો રેહશે?

હા, તમે હંમેશાં મેગ્માના અધિકૃત કર્મચારી અથવા કલેકશન એક્ઝિક્યુટિવને ચુકવણી કરી શકો છો.